**૪(૧)–(ખ)–(૪)**

**ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતગર્ત પ્રોજેકટના કાર્યો બજાવવા માટે ખાતાએ નકકી કરેલા ધોરણો :–**

**(અ) ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતગર્ત અંતગર્ત નવા કામોની નિર્માણ પ્રક્રિયા :–**

- ઔદ્યોગિક કલ્સ્ટરને સેકન્ડરી/ટર્શરી ટ્રીટેડ વેસ્ટ વોટર પુરૂ પાડવાના કામ માટે કન્સલ્ટન્ટ ધ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવો.
- સરકારશ્રીની તથા સામાન્ય સભાની પ્રોજેકટ મંજુરી બાદ અમલીકરણની કાર્યવાહી કરવી.
- યોજનાને અનુરૂપ આયોજન કરવું તેમજ જરૂર જણાયે કામગીરીનું આયોજન સ્વભંડોળમાંથી કરવું.
- સુરત  મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની અંદાજ મંજુરી બાદ પારદર્શક જાહેર ટેન્ડર પ્રક્રિયા કરવી.
- આવેલ ટેન્ડરોની સી.વી.સી. ની ગાઈડલાઈન મુજબ સ્કુટીની કરી ટેન્ડર સ્કુટીની કમિટિ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર સ્કુટીની કમિટિની ભલામણ મુજબ ટેન્ડર મંજુરી માટે સક્ષમ સત્તાધીશ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર મંજુરી બાદ સંબંધિત ઈજારદારને વર્કઓર્ડર આપવો.
- સંબંધિત ઝોન ધ્વારા સ્થળ પર પ્લોટનું ડિમાર્કેશન મેળવયા બાદ નિર્માણ કામગીરી શરૂ કરવી.
- નિર્માણની વિવિધ કામગીરીઓ ટેન્ડર સ્પેશીફીકેશન તથા જે તે આઈટમના સંબંધિત આઈ.એસ.કોડ મુજબ   કરાવવી.
- નિયત ટેન્ડર સ્ટાર્ન્ડડ મુજબ ચકાસણી માટેના ટેસ્ટ કરાવવા.
- નિયત મંજુર ટેન્ડર મુજબ અન્ય સંબંધિત કામગીરી કરાવવી.
- કામ પૂર્ણ થયેથી વર્કકમ્પલીશન સર્ટિફીકેટ ઈસ્યુ કરવું.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ દરમ્યાન જરૂરી રિપેરીંગ વિગેરે કામગીરી કરાવવી.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ પૂર્ણ થયા બાદ ઈજારદારની સીકયોરીટી ડિપોઝીટ પરત કરવી.

**(બ) ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતગર્તના તમામ હયાત પ્લાન્ટના ઓપરેશન તેમજ મરામત અને નિભાવની પ્રકિયા :–**

- ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ટ્રીટમેન્ટ કરેલા આઉટલેટના ટ્રીટેડ વોટરની ગુણવત્તા નિયત ધારાધોરણો મુજબ જળવાઈ રહે તે પ્રમાણે ઘટિત પગલા લેવા.
- બાહય એજન્સીઓની જરૂર જણાય ત્યાં તેમની નિમણૂંક કરી સાફ–સફાઈની કામગીરી કરાવવી.
- ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંચાલન અને નિભાવ માટે બાહય એજન્સીની નિમણૂંક કરી તેનું સંચાલન અને નિભાવણી કરાવવી.